# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **હીના મોદી** વાંચે છે.

*****************************************************

1) અમદાવાદમાં NIDના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સમકાલીન પડકારોના નવીન ઉકેલમાં ડિઝાઇન ક્ષેત્રની ભૂમિકાની પ્રશંસા કરી
2) પ્રધાનમંત્રીએ મહાકુંભને સફળ બનાવવા માટે દેશવાસીઓની મહેનત, પ્રયાસો અને દૃઢ નિશ્ચયની પ્રશંસા કરી
3) વકફ પર સંસદની સંયુક્ત સમિતિ  દ્વારા સૂચવેલા ફેરફારોને કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી
4) વેપાર અને રોકાણ વધારવા માટે અન્ય દેશો સાથે, દ્વિપક્ષીય સંબંધો વધારવાની જરૂર પર કેન્દ્રીય નાણામંત્રી સીતારમણે ભાર મૂક્યો
5) દિલ્હી વિધાનસભાની જાહેરહિસાબ સમિતિ અગાઉની AAP સરકારની આબકારી નીતિ પરના CAG રિપોર્ટની તપાસ કરશે

*********************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PRESIDENT AHMEDABAD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સમકાલીન પડકારોનો નવીન ઉકેલમાં ડિઝાઇન ક્ષેત્ર દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરી.

અમદાવાદમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇનના 44મા દીક્ષાંત સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ડિઝાઇન પરંપરા અને આધુનિકતા વચ્ચે સેતુ તરીકે કામ કરે છે. આ મિશ્રણ નવીનતાને પ્રોત્સાહન આપે છે અને આપણા સમૃદ્ધ વારસાનું જતન કરે છે. શ્રીમતી મુર્મુએ ભારતની સમૃદ્ધ ડિઝાઇન સિસ્ટમોનો અભ્યાસ અને દસ્તાવેજીકરણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, ખાસ કરીને જૂની ઓછી જાણીતી ડિઝાઇનોનો સામાજિક પરિવર્તન લાવવામાં ડિઝાઇનની ભૂમિકા પર પ્રકાશ પાડતા, રાષ્ટ્રપતિએ ભારતીય ડિઝાઇન ઉદ્યોગ અને NID જેવી સંસ્થાઓની પ્રશંસા કરી હતી જે આરોગ્ય સંભાળ, સ્વચ્છતા, આવાસ જેવા વિવિધ સામાજિક ક્ષેત્રોને લગતી વાસ્તવિક દુનિયાની સમસ્યાઓના નવીન ઉકેલો પૂરા પાડે છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે વિદ્યાર્થીઓને પીએમ નરેન્દ્ર મોદીના વિઝન - ભારતમાં ડિઝાઇન, વિશ્વ માટે ડિઝાઇનને સાકાર કરવા વિનંતી કરી. તેમણે વિદ્યાર્થીઓને અમૃતકલમાં નવા ભારત બનાવવા માટે યોગદાન આપવા કહ્યું.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ પ્રસંગે હાજર હતા. રાષ્ટ્રપતિએ બે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ડિઝાઇન પ્રોજેક્ટ માટે અને બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ડિઝાઇન ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન બદલ એવોર્ડ આપ્યો.

સમારોહ દરમિયાન કુલ 430 વિદ્યાર્થીઓને વિવિધ ડિઝાઇન શાખાઓમાં ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

# PM PRAYAG RAAJ

પ્રયાગરાજ મહાકુંભ 45 દિવસ પછી મહાશિવરાત્રીના દિવસે અંતિમ સ્નાન સાથે સમાપ્ત થયું. વિશ્વના સૌથી મોટા ધાર્મિક કાર્યક્રમમાં, ભારત અને વિશ્વભરના 66 કરોડથી વધુ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી. આ કાર્યક્રમની સફળતા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓની મહેનત, પ્રયાસો અને દૃઢ નિશ્ચયની પ્રશંસા કરી.

પ્રધાનમંત્રીએ પોસ્ટમાં કહ્યું કે, મહાકુંભ પૂર્ણ થયો છે, એકતાનો મહાન યજ્ઞ પૂર્ણ થયો છે. મહાકુંભમાં મોટી સંખ્યામાં ભક્તોનો સમાવેશ ફક્ત એક રેકોર્ડ નથી, પરંતુ તેણે ઘણી સદીઓથી આપણી સંસ્કૃતિ અને વારસાને મજબૂત અને સમૃદ્ધ રાખવા માટે એક મજબૂત પાયો નાખ્યો છે. જ્યારે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે પ્રયાગરાજ જંક્શન ખાતે રેલવે અધિકારીઓને મળ્યા હતાં. મહાકુંભ દરમિયાન તેઓ દ્વારા કરવામાં આવેલ રેલવે વ્યવસ્થાની સમીક્ષા કરી હતી અને તેમનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

# SHAH-MP

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સમાજ સુધારક નાનાજી દેશમુખના યોગદાનની પ્રશંસા કરતા કહ્યું કે, કેટલાક લોકો કાયમી અસર છોડી જાય છે અને યુગપરિવર્તક બને છે. શ્રી શાહ દેશમુખને તેમની 15મી પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપવા માટે આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. કલા, રાજકારણ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રે તેમના યોગદાનને યાદ કરતા શ્રી શાહે કહ્યું કે તેમણે આ તમામ ક્ષેત્રોમાં અમીટ છાપ છોડી છે.

# JPC WAQF

સંયુક્ત સંસદીય સમિતિ જેપીસી દ્વારા, તાજેતરમાં સૂચવવામાં આવેલા વક્ફ સુધારા બિલમાં ફેરફારોને, કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ બિલ સંસદના બજેટ સત્રના બીજા ભાગમાં ચર્ચા અને પસાર માટે રજૂ કરવામાં આવશે. તેમાં 19 ફેબ્રુઆરીના રોજ ભાજપના સાંસદ જગદંબિકા પાલના નેતૃત્વ હેઠળની જેપીસી દ્વારા ભલામણ કરાયેલા મોટાભાગના ફેરફારોનો સમાવેશ થાય છે. બજેટ સત્રનો બીજો તબક્કો 10 માર્ચથી શરૂ થશે.

જેપીસી પરનો અહેવાલ 13 ફેબ્રુઆરીના રોજ સંસદના બંને ગૃહોમાં રજૂ કરવામાં આવ્યો હતો. સમિતિની કાર્યવાહી દરમિયાન રજૂ કરાયેલા 44 સુધારાઓમાંથી, પેનલે એનડીએ સભ્યો દ્વારા વિભાજન મત દ્વારા સૂચવવામાં આવેલા 14 ફેરફારોનો સ્વીકાર કર્યો.

# GUJ-NAVNEET SEHGAL

પ્રસાર ભારતીના ચેરમેન નવનીત કુમાર સેહગલે યુવાનોને જોડવાના અને ખાસ કરીને શહેરી વિસ્તારોમાં રેડિયોની પહોંચ વધારવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવેલા શ્રી સેહગલે આજે આકાશવાણી અમદાવાદની મુલાકાત લીધી હતી શ્રી સેહગલે સ્ટેશનના સ્ટુડિયો, સમાચાર અને કાર્યક્રમ એકમોની કામગીરીની સમીક્ષા કરી.

શ્રી સેહગલે FM નેટવર્કનું વિસ્તરણ કરીને અને તેના ડિજિટલ ફૂટપ્રિન્ટને વેગ આપીને પ્રસાર ભારતીના તેની હાજરી વધારવાના હાલના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. ચેરમેને ધ્યાન દોર્યું કે WAVE OTT પ્લેટફોર્મ યુવાનોને પૂરી કરવા માટે રચાયેલા ઇન્ફોટેનમેન્ટનું મિશ્રણ પ્રદાન કરવામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

## (બાઇટ: નવનીત સેહગલ, ચેરમેન-પ્રસાર ભારતી)

શ્રોતાઓના રસ અને રુચિને આધારે યુવાનો અને મહિલાઓ પર કેન્દ્રિત નવીન કાર્યક્રમો વિકસાવવા પણ તેમણે આકાશવાણીના અધિકારીઓને કહ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NIRMALA SITARAMAN

નવી વૈશ્વિક વ્યવસ્થામાં વેપાર, રોકાણ અને વ્યૂહાત્મક સંબંધોને પ્રોત્સાહન આપવા માટે ભારતે અન્ય દેશો સાથે તેના દ્વિપક્ષીય સંબંધો વધારવાની જરૂર પર કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારમણે ભાર મૂક્યો હતો.

કેન્દ્રીય નાણાંમંત્રીએ અહીં નવી દિલ્હી ખાતે આયોજિત એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, સરકાર આ પડકારજનક સમયમાં ભારતને આગળ વધારવા અને વૈશ્વિક વિકાસનું એન્જિન બનવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે, ભારતે વૈશ્વિક રિકવરીમાં અર્થપૂર્ણ યોગદાન આપવા તેમજ માથાદીઠ આવકમાં વધારો કરવા અને વૈશ્વિક વિકાસને આગળ ધપાવતું વ્યવસાય સ્થળ બનવા માટે સતત પ્રયાસો કરવા પડશે.

સુશ્રી સીતારમણે કહ્યું કે, આપણે મર્યાદિત છીએ, પરંતુ આપણે સ્વીકારવું પડશે કે બહુપક્ષીય સંસ્થાઓનું યોગદાન અદૃશ્ય થઈ રહ્યું છે. તેથી, ભારતે માત્ર વેપાર અને રોકાણ માટે જ નહીં, પરંતુ વ્યૂહાત્મક સંબંધો માટે પણ અન્ય દેશો સાથે તેના દ્વિપક્ષીય સંબંધો વધારવાની જરૂર છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યો ભારતની મોટી અર્થવ્યવસ્થાનો ભાગ છે, જે આપણને આગળ લઈ જશે.

# JAYSHANKAR EU

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે સાંજે યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયનને મળ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે તેઓ યુરોપ સાથે ભારતના જોડાણને ફરીથી ઉર્જા આપવા અંગેના તેમના વિચારોની પ્રશંસા કરે છે.

યુરોપિયન કમિશનના પ્રમુખ, ઉર્સુલા વોન ડેર લેયન આજે EU કોલેજ ઓફ કમિશનર્સની ભારતની પ્રથમ મુલાકાત માટે નવી દિલ્હી પહોંચ્યા હતા. કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે એરપોર્ટ પર મુલાકાતી મહાનુભાવોનું સ્વાગત કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે યુરોપિયન કમિશનના પ્રમુખ સાથે પ્રતિનિધિમંડળસ્તરની વાટાઘાટો કરશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, 27 EU કમિશનર્સમાંથી 22 ભારતની બે દિવસીય મુલાકાતે છે.

# DELHI ASSEMBLY-PAC

દિલ્હી વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ ગત AAP સરકારની આબકારી નીતિ પરના CAG રિપોર્ટની તપાસ કરશે. CAG રિપોર્ટમાં ખુલાસો થયો છે કે 2021માં લાગુ કરાયેલી શરાબ નીતિથી સરકારી તિજોરીને બે હજાર કરોડ રૂપિયાથી વધુનું મહેસૂલ નુકસાન થયું હતું. ભાજપના અનેક ધારાસભ્યોએ આ મામલે તપાસ અને દોષિતો સામે કાર્યવાહી કરવાની માંગ કર્યા બાદ દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાએ આ જાહેરાત કરી હતી. શ્રી ગુપ્તાએ કહ્યું કે સમિતિ ત્રણ મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે. અધ્યક્ષે દિલ્હી વિધાનસભા સચિવને CAG રિપોર્ટ દિલ્હી આબકારી વિભાગને મોકલવા અને એક મહિનાની અંદર કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. છ વખતના ધારાસભ્ય મોહનસિંહ બિષ્ટને આજે નવી રચાયેલી દિલ્હી વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર તરીકે ચૂંટવામાં આવ્યા હતા. શ્રી બિષ્ટને સત્રના ત્રીજા દિવસે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા.

# BIHAR MINISTER PORT FOLIOS

બિહારમાં, નીતિશકુમારના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળમાં સામેલ થયેલા સાત નવા મંત્રીઓને તેમના વિભાગો ફાળવવામાં આવ્યા છે. સરોગી નવા મહેસૂલ અને જમીન સુધારણા મંત્રી બનશે. ડૉ. સુનિલકુમાર પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન અને જીબેશ કુમાર શહેરી વિકાસ અને ગૃહ વિભાગનો હવાલો સંભાળશે. ચાર નવા મંત્રીઓને મહત્વપૂર્ણ વિભાગો પણ સોંપવામાં આવ્યા છે. રાજુ કુમાર સિંહ પ્રવાસન સંભાળશે અને મોતીલાલ પ્રસાદ કલા, સંસ્કૃતિ અને યુવા વિભાગના નવા મંત્રી બનશે. આપત્તિ વ્યવસ્થાપન અને માહિતી અને ટેકનોલોજી વિભાગોમાં પણ ફેરબદલ કરવામાં આવ્યા છે.

# BSF SEARCH

સરહદ સુરક્ષા દળે ભારત-પાકિસ્તાન સરહદ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું અને ત્રણ અલગ અલગ સ્થળોએથી ડ્રોન અને હથિયારો જપ્ત કર્યા. બુધવારે રાત્રે બીએસએફ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બીએસએફના જણાવ્યા અનુસાર, અમૃતસરના બલ્લાડવાલ ગામના સરહદી વિસ્તારમાં ખેતરોમાંથી કાળા રંગની બેગ મળી આવી હતી. તેમાં બે તુર્કી બનાવટની પિસ્તોલ અને ચાર મેગેઝિન હતા. બીએસએફની બીજી ટીમે, ખાનવાલ ગામના ખેતરોમાંથી ચીની બનાવટનું ડ્રોન જપ્ત કર્યું. સરહદી ગામ દૌકેમાંથી એક ડ્રોન પણ મળી આવ્યું હતું. બીએસએફએ સરહદી ગામોમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. કેટલાક લોકોની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી છે.

# EVE. TRUMP-UKRAINE

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી આવતીકાલે વ્હાઇટ હાઉસની મુલાકાત લેશે અને યુક્રેનના દુર્લભ ખનિજો માટે યુએસએને અધિકારો આપતા મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરશે. આ મુલાકાતમાં યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ અંગેનો કરાર પણ શામેલ હશે. ગઈકાલે વ્હાઇટ હાઉસ ખાતે તેમના મંત્રીમંડળની પહેલી બેઠક દરમિયાન, ટ્રમ્પે જણાવ્યું હતું કે સોદાની વિગતો પહેલાથી જ તૈયાર થઈ ગઈ છે, જેમાં રશિયા અને યુક્રેન બંનેને સાંકળવાના કરારની યોજના છે. ટ્રમ્પે ઉલ્લેખ કર્યો કે તેમણે રાષ્ટ્રપતિ ઝેલેન્સકી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બંને સાથે વાત કરી છે, અને યુએસ અધિકારીઓએ બંને દેશોના તેમના સમકક્ષો સાથે ચર્ચા કરી છે.

એક નિવેદનમાં, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પુષ્ટિ આપી કે યુએસ અને યુક્રેનિયન ટીમો આવતીકાલે વાટાઘાટો માટે તૈયારી કરી રહી છે.

# TRUMP-INDIANS-CITIZENSHIP

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક નવી 'ગોલ્ડ કાર્ડ' પહેલ રજૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય ખાસ કરીને ભારતમાંથી ટોચની આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓને આકર્ષવાનો છે. આ પહેલ હાર્વર્ડ અને સ્ટેનફોર્ડ જેવી પ્રતિષ્ઠિત યુએસ યુનિવર્સિટીઓના સ્નાતકો સહિત વિદેશી નાગરિકોને 5 મિલિયન ડોલર ફીના બદલામાં યુએસમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપશે. ટ્રમ્પ દ્વારા રજૂ કરાયેલ આ યોજના શ્રીમંત વિદેશીઓને યુએસ નાગરિકતા મેળવવાનો માર્ગ પ્રદાન કરે છે. નવી પહેલ હેઠળ, લાયકાત ધરાવતા વ્યક્તિઓ સંભવિત રીતે યુએસમાં કામ કરવાનોઅને પછીથી નાગરિકતા મેળવવાનો અધિકાર મેળવી શકે છે.